સ્ટેન્ડીંગ ઓર્ડરની ફાઈલે

રા.મ્યુ.કો.શા.બો.એસ્ટા/વશી/નં.૧૭૯૭
શાસનાધિકારીની કચેરી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
કરણપરા ચોક, રાજકોટ.
તારીખ :૨૫ –૦૮–૨૦૨૦

પ્રતિ,
**મુખ્ય શિક્ષકશ્રી,મ્યુનિ.પ્રાથમિક શાળાઓ(તમામ)**
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
રાજકોટ.

**વિષયઃ– પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા કર્મચારીની COVID-19ની રજા બાબત.**
**સંદર્ભઃ**–(૧)માન.નાયબ સચિવ સાહેબ સામાન્ય વહીવટ વિભાગ ગાંધીનગરના પત્ર ક્રમાંકઃ
પરચ–૧૦૨૦૨૦–૫૦૧–ટ,તા.૧૮/૦૪/૨૦૨૦
(૨) માન.કમિશનર સાહેબ રા.મ.ન.પા./મહેકમ/૮૨૪,તા.૨૪/૦૮/૨૦૨૦

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે હાલ માં વિશ્વભરમાં નોવેલ કોરોના (COVID-19)વાયરસને WHOએ પેન્ડેમિક જાહેર કરેલ છે.ભારત સરકારના આરોગ્ય મંત્રાલય,આયુષ મંત્રાલય અને રાજય સરકારની ગાઈડ લાઈન અનુસાર નોવેલ કોરોના (COVID-19) વાયરસના ફેલાવાને નિયંત્રિત કરવા વિવિધ પગલાઓ હાથ ધરવામાં આવેલ છે.

હાલમાં રાજકોટ શહેરમાં નોવેલ કોરોના (COVID-19) વાયરસનું સંક્રમણ વધતુ હોય જેથી સાવચેતીના ભાગરૂપે કોરોના વાયરસના સંક્રમણને રોકવા માટે યોગ્ય પગલા લેવામાં આવી રહયા છે.આ કચેરી હસ્તકની તમામ મ્યુનિ. પ્રાથમિક શાળાઓનાં કર્મચારીઓને જુદી–જુદી કામગીરીઓ સુપ્રત કરવામાં આવેલ છે.

આપની શાળામાં ફરજ બજાવતા કર્મચારીને અથવા એમના પરિવારના કોઈ સભ્યને કોરોના પોઝીટીવ રીપોર્ટ આવેલ હોય તો હોમ કવોરોન્ટાઈન માટે નીચે જણાવેલ વિગતે રજા મંજુર કરવાની રહેશે.

–શાળાના કોઈપણ કર્મચારી જો કોરોના વાઈરસથી અસરગ્રસ્ત થયા હોય તો શાસનાધિકારીશ્રીને સંબોધીને શાળા મારફત હોમકવોરોન્ટાઈન રહેવા માટેની અરજી કરવાની રહેશે. હોમ કવોરોન્ટાઈન થયા અંગેનું પ્રમાણપત્ર રજું કરવાનું રહેશે.

–કર્મચારીની આવેલ અરજી સંદર્ભે મુખ્ય શિક્ષકે અરજીની ચકાસણી કરી હોમકવોરોન્ટાઈન રહેવા માટે ભલામણ કરી અત્રેની કચેરીએ લેખિતમાં જાણ કરવાની રહેશે.રજા મંજુરી વખતે સેલ્ફ ડેકલેરેશન રજું કરવાનું રહેશે.

–કર્મચારી અથવા એમના પરિવારમાં કોઈ સભ્યનો કોરોના પોઝીટીવ રીપોર્ટની પ્રમાણિત કરેલ નકલ અને મેડીકલ સર્ટી આ સાથે અરજીમાં સામેલ રાખવાનું રહેશે.

ઉપરોકત વહીવટી બાબતોને ધ્યાને લઈને આવી રજા અંગેની અરજીઓ સંબંધીત જે તે શાળાઓના મુખ્ય શિક્ષકે–પે.સેન્ટર શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીએ આધારો સહ ચકાસણી કરીને અત્રે લીવ એકાઉન્ટ સાથે રજૂ કરવાનું જણાવવામાં આવે છે.મેડીકલ સર્ટીના આધારે જે તે કર્મચારીની ઓનલાઈન હાજરીમાં **ON DUTY** તેમજ શિક્ષક હાજરી રજીસ્ટરમાં હોસ્પિટલ એડમિટ કે હોમ કવોરોન્ટાઈન સેલ્ફ અથવા હોમ કવોરોન્ટાઈન ફેમીલી લખી નોંધ કરવાની રહેશે.તેમજ આ અંગે કોઈ પ્રશ્ન હોય તો આપના બીટ કેળવણી નિરીક્ષકશ્રી નો સંપર્ક કરવાનો રહેશે.

(કિરીટસિંહ એચ. પરમાર)
શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
રાજકોટ

<u>નકલ અમલ અર્થે રવાના :–</u>
(૧) કેળવણી નિરીક્ષકશ્રીઓ,(તમામ) નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, રાજકોટ
(૨) બી.આર.સી. તમામ સી.આર.સી. કો.ઓર્ડીનેટરશ્રીઓ ને જાણ કરવા સારૂં,ન.પ્રા.શિ.સ.રાજકોટ.
**<u>નકલ સવિનય જાણ સારૂં રવાના :–</u>અધ્યક્ષશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, રાજકોટ.**